**જિલ્લા હોસ્પિટલ ખાતે કુલ ૩૪ જિલ્લાઓમાં ૧૫ બેડ ક્ષમતાના ડી-એડિક્શન (નશામુક્તિ) સેન્ટર સ્થાપવા માટે રૂ.૧૪.૯૦ કરોડની વર્ષ ૨૦૨૬-૨૭ની નવી બાબત...**

**ગુજરાત સરકાર**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
**ઠરાવ ક્રમાંક: SJED/PAS/e-file/17/2026/0243/CHH-2 Section**
**સચિવાલય, ગાંધીનગર.**
**તા:૧૪/૦૭/૨૦૨૬**

**વંચાણે લીધો:**

૧. નિયામકશ્રી,સમાજ સુરક્ષા ખાતાની કચેરી,ગાંધીનગરના તા.૨૩/૦૧/૨૦૨૬ નો પત્ર ક્રમાંક:-સસુખા/સીપીડી/૨૦૨૫-૨૬/૧૭

**પ્રસ્તાવના:**

રાજ્યના વિવિધ જિલ્લાઓમાં નશાગ્રસ્ત વ્યક્તિઓને સમયસર સારવાર, કાઉન્સેલિંગ અને પુનર્વસન સેવાઓ મળી રહે તે હેતુથી જિલ્લા હોસ્પિટલો ખાતે નશામુક્તિ કેન્દ્રો શરૂ કરવાની તાતી જરૂરિયાત છે. આ ઉદ્દેશ્યને સાર્થક કરવા માટે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ના બજેટમાં "સ્ટેટ એક્શન પ્લાન ફોર ડ્રગ ડીમાન્ડ રીડક્શન" હેઠળ નવી બાબત તરીકે જોગવાઈ કરવામાં આવી હતી. જે અન્વયે વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે, રાજ્યના કુલ **૩૪ જિલ્લાઓ**માં જિલ્લા હોસ્પિટલ ખાતે **૧૫ બેડ ક્ષમતાના** ડી-એડિક્શન (નશામુક્તિ) સેન્ટર સ્થાપવા માટે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે કુલ **રૂ. ૧૪,૮૯,૮૫,૪૮૪/- (અંકે રૂપિયા ચૌદ કરોડ નેવ્યાસી લાખ પંચ્યાસી હજાર ચારસો ચોર્યાસી પુરા)** ના ખર્ચની વહીવટી મંજૂરી નીચેની શરતોને આધિન આપવામાં આવે છે:

**૧. મંજૂર થયેલ સ્ટાફનું માળખું (સેન્ટર દીઠ):**

દરેક સેન્ટર માટે નીચે મુજબના ૧૪ કર્મચારીઓ આઉટસોર્સિંગથી રાખવાના રહેશે:

| ક્રમ | પોસ્ટનું નામ | જગ્યાની સંખ્યા | લાયકાત | નાણા વિભાગ દ્વારા સૂચિત માસિક મહેનતાણુ |
|---|---|---|---|---|
| ૧ | પ્રોજેક્ટ કો ઓર્ડીનેટર | ૧ | સમાજકાર્યમાં અનુ સ્નાતક, કોમ્પ્યુટરનું જ્ઞાન ધરાવતા, ઉમંર ૨૫ થી ૪૦ વર્ષ વ્યસન મુકિત ક્ષેત્રે કામ કરતી સંસ્થાનો ૨ વર્ષનો અનુભવને અગ્રતા આપવામાં આવશે. | ૪૦,૦૦૦ |
| ૨ | આઉટરીચ વર્કર અને ૨ ફોલો અપ સુપરવાઇઝર | ૨ | કોઇપણ વિષયના સ્નાતક, કોમ્પ્યુટરનું જ્ઞાન ધરાવતા, ઉમંર ૨૨ થી ૪૦ વર્ષ | ૨૫,૦૦૦ |
| ૩ | એટેન્ડન્ટ | ૨ | ધો-૧૦ પાસ, ઉમંર ૨૫ થી ૪૦ વર્ષ | લઘુતમ વેતનના ધોરણે |
| ૪ | ચોકીદાર | ૨ | ધો-૧૦ પાસ,ઉમંર ૨૫ થી ૪૦ વર્ષ | લઘુતમ વેતનના ધોરણે |
| ૫ | કાઉન્સેલર/સામાજિક કાર્યકર્તા | ૨ | સમાજશાસ્ત્ર,સામાજિકકાર્ય, /મનોવિજ્ઞાનમાં સ્નાતક, આ ક્ષેત્રમાં ૧ વર્ષનો અનુભવ,ઉમંર ૨૫ થી ૪૦ વર્ષ, કોમ્પ્યુટરનું જ્ઞાન | ૨૦,૦૦૦ |
| ૬ | યોગા ટીચર/ ટ્રેનર (પાર્ટ ટાઇમ) | ૧ | યોગા ડીપ્લોમાં (ડીગ્રી)/ મેડીટેશન ક્ષેત્રમાં ઓછામાં ઓછા ૧ વર્ષનો અનુભવ ધરાવતો ,ઉમંર ૨૫ થી ૪૦ વર્ષ | ૭૦૦૦ |
| ૭ | સ્ટાફ નર્સ | ૨ | GNB/B.Sc નર્સિંગ ડીગ્રી/ ડિપ્લોમાં, ઉમંર ૨૫ થી ૪૦ વર્ષ, કોમ્પ્યુટરનું જ્ઞાન | ૨૦,૦૦૦ |
| ૮ | વોર્ડ બોયઝ | ૨ | ધો-૧૦ પાસ, ઉમંર ૨૫ થી ૪૦ વર્ષ, | લઘુતમ વેતનના ધોરણે |
| કુલ | | ૧૪ | | |

**૨. શરતો:**

૧.સેન્ટરમાં અંતેવાસીઓને રાખવા તથા શૈક્ષણિક સુવિધા આપવા માટે મુજબ મિનિમમ સ્ટાફ હોવો જોઇશે.

૨. સમાજ સુરક્ષા પ્રભાગ અને આરોગ્ય પરિવાર અને કલ્યાણ વિભાગ પરિવાર કલ્યાણ વિભાગ ગાંધીનગરની કમિશનરશ્રી, અર્બન, અધિક નિયામકશ્રી તબીબી સેવાઓની કચેરી હેઠળ આવતતી જિલ્લા હોસ્પિટલ ખાતે કુલ ૩૪ જિલ્લાઓમાં ડી -એડિક્શનસેન્ટર શરૂ કરવા M.O.U કરી લેવાના રહેશે.

૩. ડી –એડિક્શન સેન્ટરમાં રહેતા તમામ અંતેવાસી માટે માં અમૃતમ કાર્ડ, આયુષ્યમાન ભારત કાર્ડ, આધાર કાર્ડ, યુડીઆઇડી કાર્ડ વગેરે ફરજિયાત કઢાવવાના રહેશે.

૪. ડી -એડિક્શન સેન્ટરએ જરૂરિયાત મુજબના સીસીટીવી કેમેરાની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

૫. ડી -એડિક્શન સેન્ટરમાંમાં રહેતા અંતેવાસીઓની ઇમરજન્સીમાં સારવારની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

૬. સેન્ટરમાં રહેતા અંતેવાસીઓ માટે જરૂરી એવી કૌશલ્યવર્ધક તાલીમ, વોકેશનલ તાલીમ અને સ્ટાફની

૭.ડી -એડિક્શન સેન્ટરએ ઉપર દર્શાવ્યા મુજબનો સ્ટાફ ફરજીયાત રાખવાનો રહેશે.

૮.ડી -એડિક્શન સેન્ટરના સ્ટાફ સમય –સમય ડી-એડિક્શન સારવાર અંગેની પધ્ધતિઓ વિશે સમય સમય તાલીમ આરોગ્ય વિભાગ દ્વારા કરવાની રહેશે.

૯.ડી -એડિક્શન સેન્ટર નો સ્ટાફ જિલ્લા હોસ્પિટલ દ્વારા ભરવાનો રહેશે. અને સ્ટાફ સંપૂર્ણ નિયત્રંણ જિલ્લા હોસ્પિટલનું રહેશે.તેનું સુપરવિઝન અને મોનિટરીંગ કમિશનરશ્રી, અર્બન, અધિક નિયામકશ્રી તબીબી સેવાઓની કચેરી ગાંધીનગરની રહેશે.

**ઓડિટ અને ગ્રાન્ટ ફાળવણી**

- ડી–એડિક્શનસેન્ટરના માટે સમાજ સુરક્ષા પ્રભાગએ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ,ગાંધીનગરના તાબા હેઠળ ગાંધીનગરની કમિશનરશ્રી, અર્બન, અધિક નિયામકશ્રી તબીબી સેવાઓની કચેરી હેડમાં ગ્રાન્ટ ફાળવવાની રહેશે ત્યારબાદ કમિશનરશ્રી, અર્બન, અધિક નિયામકશ્રી તબીબી સેવાઓની કચેરી તાબા હેઠળ આવતી જિલ્લા હોસ્પિટલ ખાતે કુલ ૩૪ જિલ્લાઓમાં ડી –એડિક્શન સેન્ટર માટે ગ્રાન્ટ ફાળવવાની રહેશે
- ગ્રાન્ટની ફાળવણી અંતેવાસીઓની હાજરીની સંખ્યાના પ્રમાણમાં રહેશે.

દર વર્ષે સંબંધિત જિલ્લા હોસ્પિટલના અધિકારીશ્રીના અહેવાલના આધારે નિયામક સમાજ સુરક્ષા દ્વારા ગ્રાન્ટ બે હપ્તામાં આપવામાં આવશે જિલ્લા હોસ્પિટલના અધિકારીશ્રીના મારફતે હિસાબો રજુ કર્યા બાદ ગ્રાન્ટની જરૂરીયાતની માંગણી આરોગ્ય વિભાગના કમિશનરશ્રી, અર્બન, અધિક નિયામકશ્રી તબીબી સેવાઓની કચેરીકરવાની રહેશે.

**૩.અન્ય શરતો:**

(૧) ડી **-એડિક્શન સેન્ટર**ના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૨) Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૩) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૪) પ્રવર્તમાન સ્ટાફ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે–તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૬) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૭) આ અંગેનો ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો–વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૮) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૯) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૧૦) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

**૪. બજેટ હેડ:**

**માંગણી નંબર – ૩૯,**

**મુખ્ય સદર–૨૨૧૦,**

**ગૌણ સદર–૧૧૦,**

**પેટા સદર–૦૪ (HLT-૦૫).**

**૫.આઉટસોર્સથી સેવા મેળવવાની શરતો**

૧.લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા. ૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા તથા તેને આનુષાંગિક બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો ધ્યાને લઈ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતનથી ઓછા ન હોય તેટલા મહેનતાણા આઉટસોર્સીંગ સ્ટાફને ચૂકવવાના રહેશે.

૨.વિભાગે જરૂર જણાયે આઉટસોર્સથી સેવાઓ મેળવતા મેનપાવરના માસિક મહેનતાણાની ગણતરી માટે શ્રમ આયુકતની કચેરીના તા.૦૧/૦૪/૨૦૨૩ના પરિપત્રમાં દર્શાવેલ વિગતવાર ગણતરી પત્રકનો આધાર લેવાનો

રહેશે. વધુમાં, લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

૩.આઉટસોર્સથી સેવા મંજૂરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેના થી વધુ સમય માટે આ સેવા નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મંજુરીની અપેક્ષાએ કે પશ્ચાતવર્તી અસરથી મંજુરી મેળવવાની અપેક્ષાએ કોઈપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.

૪.આઉટસોર્સથી સેવા લેવા અંગે મંજુરી મળ્યા બાદ GEM Portal પર માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત લેવા અંગેની નિયત કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૫.આઉટસોર્સની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે . સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત કરવાની રહેશે. ત્યારબાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

૬.વિભાગે ડ્રાઈવર અને વર્ગ-૪ ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા. ૧/૪/૨૦૧૦ ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.

૭.વિભાગે રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટ્સોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઇપીએફ, ટીડીએસ , સર્વીસ ટેક્ષ , GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી સંબંધિત વિભાગની રહેશે. વિભાગે આ અંગે એજન્સી ઉપર યોગ્ય મોનીટરિંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

૮.માન્ય આઉટસોર્સ એજન્સી દ્વારા આઉટસોર્સ મેનપાવરને નિયત મહેનતાણું સમયસર ચુકવવામાં આવે તે અંગે સંબંધિત વિભાગે યોગ્ય મોનીટરીંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલાં લેવાની જવાબદારી સંબંધિત વિભાગની રહેશે.

૯.મહેનતાણાના દરો નાણાવિભાગની પૂર્વ મંજુરી મેળવીને નિયત કરવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજુરી સિવાય મહેંનતાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.

૧૦.આઉટસોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.

૧૧.આઉટ સોર્સ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.

૧૨.આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૧૩.આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૧૪.આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૧૫.સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

૧૬.આ સેવાઓ વખતો-વખત મેળવવાની થાય તો સેવાની મુદત લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થવાના ૨ (બે) માસ અગાઉ નાણા વિભાગને રજૂ કરી વધુ ૧૧ માસ માટે સેવા મેળવવાની મંજુરી મેળવી લેવાની રહેશે.

આ ઠરાવ નાણા વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(ભુમિ દેસાઈ)**
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**પ્રતિ,**

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (સા.ન્યા)નાં અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ(નિયામકશ્રી સમાજ સુરક્ષા મારફત).
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઈલ-૨૦૨૬.
- ના.સે.અ. સિલેક્ટ ફાઈલ-૨૦૨૬.